# સાઉથ રિપબ્લીક

તંત્રી : રોહિત અશોક શેઠિયા

દૈનિક

Volume : 01 · Issue : 1 · Page - 4 · Price : Rs.1/- · Annual Subscription : Rs.300/- · Date : 22 AUGUST 2026, SATURDAY, · Periodicity : DAILY Publication city : NAVSARI

Language : GUJARATI, Publication Place : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT-396445. Email:sethiarohit48@gmail.com

OFFICE : 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT- 396445, Mo. +91-7600000600, PRGI No. GJGUJ/26/A7115

## મતભેદ ભૂલીને ગામના દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકોને સહાયક સાધનો યોજના પહોચાડો : આર.સી. પટેલ



નવસારી : નવસારીમાં જલાલપોર ધારાસભ્ય આર.સી. પટેલના અધ્યક્ષસ્થાને જલાલપોર તાલુકા મામલતદાર કચેરી દ્વારા દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે સહાયક સાધનો યોજના સંદર્ભે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં મોટી સંખ્યામાં જલાલપોર તાલુકાના ગામોના સરપંચો, સભ્યો, જીલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે સહાયક સાધનો યોજના સંદર્ભે યોજાયેલી મીટીંગમાં નવસારી પ્રાંત અધિકારી જનમ ઠાકોરે સહાયક સાધનો યોજના અંગે માહિતી આપી હતી. આ મીટીંગમાં જલાલપોર ધારાસભ્ય આર.સી. પટેલે તમામ સરપંચો અને સભ્યોને આ યોજના ગામના દરેક ઘરોમાં પહોચાડવા માટે આહવાન કર્યું હતું. સાથે જ ગામમાં કોઈપણ સાથે મતભેદ હોય તે ભૂલીને દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકોને સહાયક સાધનો યોજના પહોચાડવા માટે સુચના આપી હતી. આ મીટીંગમાં કયા ગામમાં, ક્યાં વ્યક્તિને કેટલા ટકા દિવ્યાંગતા છે અને શરીરના કયા ભાગમાં તકલીફ છે તે બાબતની યાદી તૈયાર કરવા અને જરૂરિયાત મુજબ સાધનો ઉપલબ્ધ કરાવવા માટે જણાવ્યું હતું.

## ઓંજલ-માછીવાડ ગામે સરકારી જમીન ઉપર ગેરકાયદેસર આશારામ આશ્રમ ઉપર બુલડોઝર ફેરવ્યું





### આશ્રમ તોડી પાડતા આશરે ૬ હજાર ચો.મી. જમીન ખુલ્લી કરાઈ



નવસારી : જલાલપોર તાલુકાના ઓંજલ-માછીવાડ ગામે સરકારી જમીન ઉપર વર્ષો પહેલા તાણી બંધાયેલા ગેરકાયદેસર આશારામ આશ્રમ ઉપર તંત્રએ બુલડોઝર ફેરવી તોડી પાડવામાં આવી છે. જેથી આશરે ૬ હજાર ચો.મી. જમીન ખુલ્લી કરી દેવામાં આવી છે.

નવસારી જીલ્લામાં ઘણા વિસ્તારોમાં ગેરકાયદેસર બાંધકામો ઉભા કરી દીધાની ઘણી ફરિયાદો સ્થાનિક તંત્રને મળતી રહે છે. હાલ એક તરફ નવસારી મહાનગરપાલિકા ટી.પી. નો રસ્તો ખુલ્લો કરવા માટે વિવિધ વિસ્તારોમાં ડીમોલીશન કરી રહી છે. તો બીજી તરફ નવસારી જીલ્લા કલેકટર દ્વારા પણ ગેરકાયદેસર બાંધકામો સામે લાલ આંખ કરી છે. જેથી કલેકટરે જે તે વિભાગના અધિકારીઓને ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા માટે સુચના આપી દેવામાં આવી છે. ગત બુધવારે જીલ્લા કલેકટર મનીષ ગુરુવાણીના માર્ગદર્શન હેઠળ મામલતદાર મૃણાલદાન ઈશરાણી અને તેમની ટીમ સાથે સર્કલ ઓફિસર જલાલપોર તાલુકાના ઓંજલ-માછીવાડ ગામે પહોચ્યા હતા. જ્યાં જુના તેઓએ પોલીસ બંદોબસ્ત સાથે રાખી સર્વે નં. ૮૫૮/૧ પૈકી ૧ અને નવો સર્વે નં. ૨ વાળી સરકારી ખાર-ખાંજણની જમીન પર ગેરકાયદેસર તાણી બંધાયેલા આસારામ આશ્રમ ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. સાથે જ સરકારી જમીન પર ગેરકાયદેસર બનાવેલા શેડ, બ્લોક અને તાર ફેન્સીંગ પર હટાવી દઈ આશરે ૬ હજાર ચો.મી. જેટલી જગ્યા ખુલ્લી કરી દેવામાં આવી છે.

## નવસારીમાં જિલ્લામાં ખાદ્ય સુરક્ષા વિભાગની વિવિધ હોટલોમાં તપાસ શરૂ



નવસારી : નવસારી જિલ્લામાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા તથા સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુસર ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા નેશનલ હાઈવે નં. ૪૮ તથા આસપાસના વિસ્તારોમાં ખાદ્ય પરિસરોની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં હોટલ ગ્રીન ઓનિયન, હોટલ નવજીવન, હોટલ નીલકંઠ, શ્રી સાઈ વિભૂતિ ફૂડ કોર્ટ (સુગર એન સ્પાઈસ) અને હાર્ડકેસલ રેસ્ટોરન્ટ (મેકડોનાલ્ડ) માં તપાસ કરવામાં આવી હતી. આ તપાસ ડમરીયાં શ્રી સાઈ વિભૂતિ ફૂડ કોર્ટ (સુગર એન સ્પાઈસ) માંથી કંપની પેક્ડ મલાઈ પનીરનો નમૂનો લેવામાં આવ્યો હતો. તેમજ ૧૬ કિલોગ્રામ તૈયાર ખાદ્ય પદાર્થો તથા અન્ય ખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો હતો. આ સિવાય હાર્ડકેસલ રેસ્ટોરન્ટ (મેકડોનાલ્ડ) માંથી મિક્ષ બેરી સ્મૂથી, કંપની પેક્ડ ટોન્ડ મિલ્ક અને કંપની પેક્ડ મેંગો ફ્લેવરના ડીપના નમૂના લેવામાં આવ્યા હતા.

આ સિવાય ગત રોજ બીલીમોરાના શ્રી સોમનાથ મહાદેવ મંદિર શ્રાવણ માસના મેળા અંતર્ગત પણ ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા અંગે તપાસ તથા સ્થળ પર ખાદ્ય પદાર્થોનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જે મેળામાં કુલ ૩૫ ખાદ્ય પરિસરોની તપાસ કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન કુલ ૮૮ લીટર અયોગ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો હતો. જેમાં ૬૫ લીટર લાલ ચટણી તથા ૨૩ લીટર વપરાયેલું ખાદ્ય તેલનો નાશ કરવામાં આવ્યો હતો.

ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા ખાદ્ય વ્યવસાયકારોને સ્વચ્છતા જાળવવા, ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રીનો ઉપયોગ કરવા તથા ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ એક્ટ, ૨૦૦૬ અને તેના હેઠળના નિયમો/વિનિયમોનું ચુસ્તપણે પાલન કરવા સૂચના આપવામાં આવી હતી. નમૂનાઓના લેબોરેટરી પરીક્ષણના પરિણામો પ્રાપ્ત થયા બાદ નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓની વૈજ્ઞાનિક હાઈડ્રોલોજીકલ તથા હાઈડ્રોલિક તપાસ કરી પાણીના કુદરતી વહેણમાં આવતા અવરોધો દુર કરવા માંગ

નવસારી : પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓની વૈજ્ઞાનિક હાઈડ્રોલોજીકલ તથા હાઈડ્રોલિક તપાસ કરી, જરૂરી સ્થળોએ નદીપટનું પુનઃસ્થાપન, પાણીના કુદરતી વહેણમાં આવતા અવરોધો દુર કરી નવસારી શહેર અને આસપાસના વિસ્તારોને પુરના જોખમથી સુરક્ષિત કરવાની માંગ કરી નવસારીના પર્યાવરણ પ્રેમીઓએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું છે.

નવસારીના પર્યાવરણ પ્રેમીઓએ જીલ્લા કલેકટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, નવસારી શહેર તથા આસપાસના વિસ્તારોમાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને નદીઓમાં વધતા પાણીના પ્રવાહને કારણે વારંવાર જળબંબાકાર તથા પુરની પરિસ્થિતિ સર્જાય છે. આવી પરિસ્થિતિમાં માત્ર વરસાદનું પ્રમાણ જ જવાબદાર પરીબળ નથી. પરંતુ નદીઓની હાલની વહનક્ષમતા, નદીપટમાં જમા થતી ગાદ, નદીના પ્રવાહમાં થતા સંકોચન, પુલો-કોઝવે જેવા સ્થળોએ સર્જાતા બોટલનેક, કુદરતી કાંસ-કોતરો તથા વરસાદી પાણીના કુદરતી માર્ગોમાં આવતા અવરોધો સહિતના અનેક પરિબળો પણ મહત્વપૂર્ણ હોઈ શકે છે. નવસારી શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી પસાર થતી પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓ વરસાદી પાણીના કુદરતી નિકાલ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. નવસારીને દર વર્ષે પુર આવ્યા બાદ રાહત અને બચાવની કામગીરી સુધી મર્યાદિત રાખવાને બદલે પુર આવે તે પહેલા જ તેની અસર ઘટાડવા માટે વૈજ્ઞાનિક અને લાંબા ગાળાનું આયોજન કરવાની માંગ કરી છે.

નવસારીની પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓની હાલની ફલડ કન્વેયન્સ કેપેસીટીનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવે અને જ્યાં નદીપટમાં ગાદ, સંકોચન, અવરોધ અથવા અન્ય કારણોસર વહનક્ષમતા ઘટી હોય ત્યાં નિષ્ણાતોની ભલામણ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવે. સાથે ત્રણેય નદીઓ માટે વૈજ્ઞાનિક ફલડ મોડેલ તૈયાર કરી, હાલની સ્થિતિની સરખામણીએ વિવિધ સુધારાત્મક પગલાથી પુર દરમિયાન પાણીનું સ્તર કેટલું ઘટાડી શકાય છે તેની વિગતો તૈયાર કરવામાં આવે અને આ અભ્યાસના પરિણામો જાહેર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

દર વર્ષે ભારે વરસાદ અને પુરની પરિસ્થિતિનો સામનો કરવો ન પડે તે માટે પુર આવ્યા બાદ રાહત કામગીરી કરતા પુર પહેલા તેના જોખમને ઘટાડવા માટેનું આયોજન વધુ જરૂરી છે. સાથે જ સબંધિત ડ્રેનેજ વિભાગ, જળસંપત્તિ વિભાગ, નવસારી મહાનગરપાલિકા તથા અન્ય સબંધિત સરકારી વિભાગો અને નિષ્ણાત સંસ્થાઓ સાથે સંકલન કરી ત્રણેય નદીઓનો સર્વે કરી, વૈજ્ઞાનિક અભ્યાસ કરી અને સમયબદ્ધ આયોજન કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

સાઉથ રિપબ્લીક - દૈનિક
SOUTH REPUBLIC DAILY, NAVSARI

# ચીખલીના દિનકર ભવન ખાતે દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો માટેના એસેસમેન્ટ કેમ્પને ઉત્સાહભેર પ્રતિસાદ




નવસારીઃ નવસારી જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીના નેતૃત્વ હેઠળ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો માટે યોજાઈ રહેલા એસેસમેન્ટ કેમ્પને નાગરિકોનો ઉત્સાહભેર પ્રતિસાદ મળી રહ્યો છે. તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૨૬થી ગણદેવી ખાતેથી શરૂ થયેલા આ અભિયાન અંતર્ગત ચીખલીના દિનકર ભવન ખાતે બે દિવસીય એસેસમેન્ટ કેમ્પ યોજાઈ રહ્યો છે.

આ કેમ્પ અંતર્ગત તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બપોરે ૧:૦૦ કલાક સુધીમાં *અઉઈઙ યોજના હેઠળ ૩૧૮ દિવ્યાંગજનો તથા રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ ૭૪૯ વયોવૃદ્ધજનો મળી કુલ ૧૦૬૭ લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. કેમ્પ દરમિયાન લાભાર્થીઓને કોઈ અગવડ ન પડે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા બેસવાની વ્યવસ્થા, પીવાના પાણી તેમજ આવવા-જવાની સુવિધા સહિતની જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. લાભાર્થીઓની નોંધણી, જરૂરી દસ્તાવેજોની ચકાસણી તથા એસેસમેન્ટની કામગીરી પણ સુચારૂ રીતે હાથ ધરવામાં આવી રહી છે.


નવસારી જિલ્લામાં યોજાઈ રહેલા આ એસેસમેન્ટ કેમ્પના માધ્યમથી પાત્ર દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનોને જરૂરી સહાયક સાધનોનો લાભ મળી રહે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમગ્ર પ્રક્રિયાનું અસરકારક સંકલન કરવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ આગામી દિવસોમાં યોજાનારા એસેસમેન્ટ કેમ્પનો વધુમાં વધુ પાત્ર દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો લાભ લે તેવી અપીલ કરી છે. આગામી તા. ૨૨ ઓગસ્ટના રોજ *મહુવર કોળી પટેલ સમાજની વાડી, જલાલપોર, તા. ૨૩ ઓગસ્ટના રોજ **મંદિર ગ્રામ પંચાયત હોલ, જલાલપોર, તા. ૨૪ ઓગસ્ટના રોજ **દામોધેશ્વર કોમ્યુનિટી હોલ, પિનસાડ, તા. ૨૫ ઓગસ્ટના રોજ **કોળી પટેલ સમાજની વાડી, ખડસુપા બોર્ડિંગ, અષ્ટગામ, નવસારી* તથા તા. ૨૬ અને ૨૭ ઓગસ્ટના રોજ *નવસારી મહાનગરપાલિકાના ટાઉન હોલ* ખાતે એસેસમેન્ટ કેમ્પ યોજાશે.

પાત્ર લાભાર્થીઓએ જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહી આ કેમ્પનો લાભ લેવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. કેમ્પ અંગે વધુ માહિતી માટે *૯૨૬૫૦૩૯૫૯૩* તથા *૦૨૬૩૭-૨૩૨૪૪૦* પર સંપર્ક કરવા જણાવાયું છે.

## નવસારી મહાનગરપાલિકા દ્વારા બિનઅધિકૃત બાંધકામ પર કાર્યવાહી

# મોટા બજાર વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ ધરાવતી ૩ દુકાનો સીલ કરાઈ

નવસારી : નવસારી શહેરના સુનિયોજિત વિકાસ અને વ્યવસ્થાપનને જાળવી રાખવાના ભાગરૂપે, નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ચાલતા ગેરકાયદેસર અને બિનઅધિકૃત બાંધકામો સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી અંતર્ગત, અગાઉ આપવામાં આવેલી જાહેર નોટિસની મુદત પૂર્ણ થતાં, પાલિકાની ટીમ દ્વારા શહેરના મોટા બજાર માર્કેટ વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરાતા ૩ દુકાનોને સીલ કરવાની આકરી કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, આ મિલકતોમાં મહાનગરપાલિકાની મંજૂરી વિના બિનઅધિકૃત અને ગેરકાયદેસર બાંધકામની કામગીરી ચાલી રહી હતી. નવસારી મહાનગરપાલિકા દ્વારા અગાઉ આ અંગે 'ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનીસિપલ એકટ' અન્વયે નોટિસ ફટકારીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. તેમ છતાં માલિકો દ્વારા કામગીરી ન અટકાવવામાં આવતા, મ્યુનિસિપલ કમિશનરના આદેશાનુસાર અને ટાઉન પ્લાનરના માર્ગદર્શન હેઠળ આ પગલું લેવાયું છે. સંબંધિત અધિકારીઓએ આજ રોજ સ્થળ પર જઈ પંચનામું કરી, ચાલુ બાંધકામને જે તે સ્થિતિમાં સીલ કરી દીધું છે.

મહાનગરપાલિકા દ્વારા સ્થળ પર લગાવવામાં આવેલી નોટિસમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, સદર કરવામાં આવેલ સીલ તોડવું કે સીલ કરેલ મિલકતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવો એ કાયદેસરનો ગુનો બને છે. જો કોઈ ઈસમ આવું કૃત્ય કરશે, તો તેની સામે કડક ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. લાગતા વળગતા તમામ લોકોએ આ બાબતની ગંભીર નોંધ લેવા જણાવાયું છે. નવસારી મહાનગરપાલિકા ભવિષ્યમાં પણ આવા બિનઅધિકૃત બાંધકામો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવીને સખત પગલાં લેવાનું ચાલુ રાખશે.

# નવસારી મહાનગરપાલિકા તથા સખી મંડળ બહેનો દ્વારા 'રાખી મેળો-૨૦૨૬' નું ભવ્ય શુભારંભ અને મહાનુભાવો દ્વારા મુલાકાત




નવસારીઃ ભાઈ-બહેનના પવિત્ર પ્રેમના પ્રતીક સમા રક્ષાબંધનના તહેવારને અનુલક્ષીને નવસારી મહાનગરપાલિકા તથા દિન દયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત UCD વિભાગ તથા 'ઉડાન સખી સંઘ' ના સંયુક્ત ઉપક્રમે મહિલા સશક્તિકરણને વેગ આપવા 'રાખી મેળો - ૨૦૨૬' નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

નવસારી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી પાસે યોજાયેલા આ ગરિમામય રાખી મેળાની શહેરના વિવિધ પદાધિકારીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન મેયર અશોકભાઈ ધોરાજીયા, નવસારી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય, ડેપ્યુટી મેયર કેયુરીબેન દેસાઈ, સ્થાયી સમિતિના ચેરમેન મુકેશ અગ્રવાલ, શાસક પક્ષના નેતા નરેશ પુરોહિત, દંડક રાકેશભાઈ પટેલ તેમજ જિલ્લા સંગઠન પ્રમુખ ભુરાલાલ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આ તમામ મહાનુભાવો દ્વારા રાખી મેળામાં લાગેલા વિવિધ સ્ટોલ્સની ઝીણવટભરી મુલાકાત લેવામાં આવી હતી. તેઓએ સખી મંડળની બહેનો દ્વારા સ્વહસ્તે બનાવેલી આકર્ષક, કલાત્મક અને અવનવી રાખડીઓ નિહાળી હતી અને બહેનોની મહેનત તથા કૌશલ્યની ખૂબ પ્રશંસા કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ આયોજનનો મુખ્ય હેતુ સ્થાનિક મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો અને તેમના ઉત્પાદનોને યોગ્ય બજાર પૂરું પાડવાનો છે.

આ રાખી મેળો નવસારી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી પાસે આગામી ૨૮ ઓગસ્ટ સુધી નાગરિકો માટે ખુલ્લો રાખવામાં આવનાર છે. નવસારીની જનતાને અપીલ કરવામાં આવે છે કે તેઓ બહોળી સંખ્યામાં આ મેળાની મુલાકાત લે, સ્થાનિક બહેનો દ્વારા નિર્મિત રાખડીઓની ખરીદી કરે અને 'વોકલ ફોર લોકલ' ના મંત્રને સાર્થક બનાવી બહેનોને આર્થિક રીતે પગભર થવામાં પોતાનું યોગદાન આપે.

# નવસારી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા શહેરના વોર્ડ ક્રમાંક ૧ તથા ૨ ના GVP પોઈન્ટ્સ માટે સૂચના તથા બોદાલી ખાતે SWM રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન ડેવલોપમેન્ટ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું







નવસારી : નવસારી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય દ્વારા શહેરમાં સ્વચ્છતા અને કચરાના નિકાલની વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી વિવિધ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ નિરીક્ષણ અભિયાન અંતર્ગત તેઓએ સૌપ્રથમ વોર્ડ નંબર - ૧ માં આવતા ઘેલખડી વિસ્તાર અને જનતા હાઈસ્કૂલ પાસેના વિસ્તારોની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓએ જી.વી.પી. (GVP) પોઈન્ટ્સ પર સ્વચ્છતાની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

ત્યારબાદ કમિશનરશ્રીએ વોર્ડ નંબર - ૨ માં આવેલા થાણા તળાવ પાસેના વિસ્તાર અને બંદર રોડ વિસ્તારમાં આવેલ GVP પોઈન્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું. આ તપાસ દરમિયાન ખુલ્લા પ્લોટમાં કચરો નાખવા અને ગંદકી ફેલાવવા બાબતે કડક વલણ અપનાવવામાં આવ્યું હતું. કમિશનરશ્રીએ સંબંધિત અધિકારીઓને આડેધડ કચરો ફેંકતા અને ગંદકી કરતા પ્રાઈવેટ પ્લોટના માલિકો સામે નિયમાનુસાર સખત દંડનીય કાર્યવાહી કરવાની સ્પષ્ટ સૂચનાઓ આપી હતી, જેથી શહેરમાં ગંદકીનું પ્રમાણ ઘટાડી શકાય.

શહેરના આંતરિક વિસ્તારોની તપાસ પૂર્ણ કર્યા બાદ, ઘન કચરાના યોગ્ય વ્યવસ્થાપન માટે જલાલપોરના બોદાલી ખાતે સ્થિત સોલિડ વેસ્ટ પ્રોસેસિંગની RTS એટલે કે રિફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન (Refuse Transfer Station) સાઈટની પણ સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. કમિશનરશ્રીએ અહીં ચાલતી કચરાના એકત્રીકરણ અને નિકાલની પ્રક્રિયાની સમીક્ષા કરી હતી તથા ભવિષ્યના વિકાસલક્ષી આયોજનો તેમજ વેસ્ટ પ્રોસેસિંગ ક્ષમતા વધારવા અંગે જરૂરી ટેકનિકલ અને વહીવટી સૂચનો પૂરા પાડ્યા હતા.

નવસારી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી આ સઘન ઝુંબેશ શહેરને સ્વચ્છ, સુંદર અને રોગચાળામુક્ત રાખવાની દિશામાં એક મહત્વનું પગલું છે. મ્યુનિસિપલ કમિશનરશ્રીના આ સીધા નિરીક્ષણ અને કડક આદેશોને પગલે તંત્ર વધુ સક્રિય બન્યું છે, જેનો સીધો લાભ ભવિષ્યમાં નવસારી શહેરના નાગરિકોને મળશે અને પર્યાવરણની જાળવણીમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળશે.

# નારણ લાલા કોલેજ ખાતે નવસારી મહાનગરપાલિકા કક્ષાના ૭૭માં વન મહોત્સવ અને 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાનની ભવ્ય ઉજવણી કરવામાં આવી

નવસારી : નવસારી મહાનગરપાલિકા અને સામાજિક વનીકરણ વિભાગ, નવસારીના સંયુક્ત ઉપક્રમે એરૂ સ્થિત નારણ લાલા કોલેજ ખાતે ૭૭મા વન મહોત્સવ તથા 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાનની મહાનગરપાલિકા કક્ષાની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

પર્યાવરણ જાગૃતિ અને હરિયાળું નવસારી બનાવવાના ઉમદા હેતુ સાથે સવારે ૧૦:૩૦ કલાકે આયોજિત આ કાર્યક્રમમાં શહેરના પ્રબુદ્ધ નાગરિકો અને પર્યાવરણ પ્રેમીઓ તથા મોટી સંખ્યામાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી નવસારી મહાનગરપાલિકાના મેયરશ્રી અશોકભાઈ ધોરાજીયા અને મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત નવસારીના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈએ પોતાના પ્રાસંગિક ભાષણમાં પર્યાવરણ જતન અને વૃક્ષારોપણનું મહત્વ સમજાવી નાગરિકોને અભિયાનમાં જોડાવા આહ્વાન કર્યું હતું.

સાથે મેયરશ્રી દ્વારા ઉદ્બોધનમાં પર્યાવરણ જતન અને વૃક્ષારોપણની તાતી જરૂરિયાત પર વિશેષ ભાર મૂક્યો હતો. પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના વધતા જતા પડકારો સામે રક્ષણ મેળવવા માટે વધુને વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવું એ આપણા સૌની સામૂહિક અને નૈતિક ફરજ છે. દેશના વડાપ્રધાનશ્રી દ્વારા આપવામાં આવેલા 'એક પેડ માં કે નામ' અભિયાનના વિચારને ભાવનાત્મક રીતે વર્ણવતા તેમણે ઉપસ્થિત નાગરિકો અને ખાસ કરીને યુવાનોને સફાઈ બાબતે પણ અપીલ કરી હતી કે, પ્રત્યેક વ્યક્તિ પોતાની માતાના સન્માન અને સ્મૃતિમાં ઓછામાં ઓછું એક વૃક્ષ અવશ્ય વાવે અને સફાઈ પર વિશેષ ભાર મૂકે આ શહેર આપણા સૌ નું છે...આવનારા સમયમાં એક બાળકની જેમ તેની માવજત કરે. વધુમાં, નવસારીને એક વધુ હરિયાળું, સુંદર અને સ્વચ્છ શહેર બનાવવા માટે વહીવટી તંત્રની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા તેમણે સૌને પર્યાવરણના આ પવિત્ર યજ્ઞમાં સહભાગી થઈ સાચા અર્થમાં ૭૭મા વન મહોત્સવને સફળ બનાવવા આહ્વાન કર્યું હતું.

આ મંચ પર વિશેષ ઉપસ્થિતમાં નવસારી મહાનગરપાલિકા કમિશનર જયેશ ઉપાધ્યાય, અને નાયબ વન સંરક્ષક રુષિરાજ પુવાર પણ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સન્માન પત્ર વિતરણ તેમજ જાગૃતિ અર્થે વૃક્ષરથનું પ્રસ્થાન પણ કરાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત અન્ય અગ્રણીઓની વાત કરીએ તો, ડેપ્યુટી મેયર કેયુરીબેન દેસાઈ, શાસક પક્ષના નેતા નરેશ પુરોહિત, તમામ વોર્ડના કોર્પોરેટરશ્રીઓ તેમજ નાયબ મ્યુનિસિપલ કમિશનર જે. યુ. વસાવા પણ ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ અને વ્યવસ્થિત બનાવવા માટે સ્થળ પર નારણ લાલા કોલેજ દ્વારા ખૂબ જ સુંદર અને સુયોજિત આયોજન કરવામાં આવ્યું હતું, જેની નોંધ લઈ મહાનુભાવો દ્વારા સંસ્થાની સરાહના કરવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે મંચસ્થ તમામ મહાનુભાવો અને અતિથિઓ દ્વારા 'એક પેડ માં કે નામ' અભિયાનને સાર્થક કરતા સંકુલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. મહાનુભાવોએ પોતાના હાથે વૃક્ષો વાવીને પ્રકૃતિ પ્રેમના ઉત્તમ ઉદાહરણ પૂરા પાડ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ પૂર્ણ થયા બાદ નવસારીને વધુ હરિયાળું બનાવવાના સામૂહિક સંકલ્પ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# પત્નીના આત્મહત્યાની દુષ્પ્રેરણના કેસમાં પતિને જામીન મુક્ત કરતી ગુજરાત હાઇકોર્ટ

નવસારી : લગ્ન થયાના આશરે એક વર્ષ બાદથી આક્ષેપિત પતિ મંગેશ રવિન્દ્ર ઠાકુર દ્વારા નાની-નાની બાબતોમાં શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાના આક્ષેપવાળી ફરિયાદ જલાલપોર પોલીસ સ્ટેશનમાં આક્ષેપિતના સાસુ દ્વારા આપવામાં આવેલ હતી . આ કેસમાં આરોપી ઘણા લાંબા સમયથી જેલમાં હોય અને તપાસ પૂર્ણ થઈ ગયેલ હોય આરોપીએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ જામીન અરજી રજૂ કરવામાં આવી હતી. આક્ષેપિત તરફે સિનિયર એડવોકેટ પ્રતાપસિંહ કે. મહિડા અને એડવોકેટ શ્રીરાજ ડી. શાહ રોકાયેલ હતા જેમાં એડવોકેટ શ્રીરાજ ડી. શાહ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે પોલીસ તપાસ પૂર્ણ થઈ ગઈ છે, આક્ષેપિતનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી તથા ટ્રાયલની કાર્યવાહી પૂર્ણ થવામાં લાંબો સમય લાગી શકે તેમ છે. વધુમાં, આરોપી સામે લગાવવામાં આવેલી કલમોમાં આજીવન કેદ અથવા મૃત્યુદંડની સજાની જોગવાઈ ન હોવાની રજૂઆત પણ કરવામાં આવી હતી. આરોપી તરફેથી કરવામાં આવેલી ઉપરોક્ત અસરકારક રજૂઆતો તથા કેસની હકીકતોને ધ્યાનમાં લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આક્ષેપિત પતિને શરતોને આધીન જામીન મુક્ત કરતો હુકમ કરવામાં આવેલ છે.

સાઉથ રિપબ્લીક - દૈનિક
SOUTH REPUBLIC DAILY, NAVSARI

# નવસારી જિલ્લાના ૪,૦૭૩ ડ્રોપ આઉટ બાળકોને ફરી શાળામાં પ્રવેશ કરાવી અભ્યાસ કરતા કરાયા, ૧૨૦૦થી વધુ યુવાનો ITI અને કૌશલ્ય અભ્યાસક્રમોમાં જોડાયા

## નવસારીમાં નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને સમરસ વિદ્યા સેતુ અભિયાન કાર્યક્રમ યોજાયો

## નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં શરૂ થયેલા કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ ઉત્સવના ૨૫ વર્ષે સકારાત્મક પરિણામો પ્રાપ્ત થયા : નાણા અને શહેરી વિકાસમંત્રી કનુભાઈ દેસાઈ





નવસારી : રાજય સરકાર દ્વારા શાળા શિક્ષણથી વંચિત રહી ગયેલા બાળકોને પુન: શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવવાના ઉમદા આશય સાથે સમરસ વિદ્યા સેતુ અભિયાનના ભાગરૂપે નવસારીના આંગણે એસ.એસ.અગ્રવાલ કોલેજ ખાતે શિક્ષણ વિભાગ તથા જિલ્લા વહીવટીતંત્રના સંયુકત ઉપક્રમે નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને તથા આદિજાતિવિકાસ મંત્રી નરેશભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સમરસ વિદ્યા સેતુ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો.

આ અવસરે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યુ હતું કે, શાળા છોડી ગયેલા બાળકોને પુન: શિક્ષણ તરફ વાળવા માટે શિક્ષકો અને વાલીઓની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. વહીવટી તંત્ર અને શિક્ષકોના સઘન પ્રયાસોથી મોટી સંખ્યામાં બાળકો પુન:શાળામાં અભ્યાસ કરતા થયા છે જે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓનો અભ્યાસ ન અટકે તે માટે સરસ્વતી વિદ્યા સહાય યોજના તેમજ ધોરણ ૯ થી ૧૨માં ભણતી દીકરીઓ માટે 'નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજના જેવી અનેક યોજનાઓ અમલીત બનાવી છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં શરૂ થયેલા કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશ ઉત્સવના ૨૫ વર્ષે સકારાત્મક પરિણામો પ્રાપ્ત થયા છે.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રે ભૌતિક સુવિધાઓ અને ઝડપી વિકાસના આ યુગમાં આજે આપણે શૂન્ય ટકા ડ્રોપઆઉટ દરની અત્યંત નજીક પહોંચ્યા છીએ. વર્ષ ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશ ઉત્સવની શરૂઆત કરી હતી. આજે અઢી દાયકા બાદ તેના ઉત્કૃષ્ટ પરિણામો



રાજયભરમાં જોવા મળી રહ્યા છે. સામાજિક મજબૂરીઓ, પરિવારનું સ્થળાંતર કે સિઝનલ રોજગારી જેવા કારણોસર કેટલાંક બાળકો અભ્યાસ અધૂરો છોડી દેતા હોય છે. ખાસ કરીને ખેતીકામ કે શ્રમ અર્થે અન્ય વિસ્તારોમાં જતા પરિવારના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગના કર્મયોગીઓ આવા બાળકોને શોધી શોધીને પુન: શાળાએ લાવવાનું સરાહનીય કાર્ય કર્યું છે જે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા. પૂરના કારણે અસરગ્રસ્ત થયેલી શાળાઓમાં નવા પાઠ્યપુસ્તકો તથા કમ્પ્યુટર લેબ્સને નુકસાન થયું છે તેને પણ તાત્કાલિક કાર્યરત થાય તે માટે પણ શિક્ષણ વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. નવસારી જિલ્લાનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટેના સહિયારા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

આ અવસરે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એ.એમ. અગ્રવાલે 'સમરસ વિદ્યા સેતુ અભિયાનના મુખ્ય ઉદ્દેશ્યોની વિગતો આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૪ થી ૫ મહિનામાં શિક્ષણ વિભાગ અને અન્ય વિવિધ વિભાગોના સંકલનથી નવસારી જિલ્લાના નોંધાયેલા ડ્રોપ આઉટ બાળકો પૈકી ૪,૦૭૩ બાળકોને સફળતાપૂર્વક પુન: શાળા શિક્ષણમાં લવાયા છે. આ ઉપરાંત ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓને ITI તથા કૌશલ્યવર્ધક અભ્યાસક્રમો સાથે જોડવામાં આવ્યા છે. બાકી રહેલા ડ્રોપ આઉટ બાળકોને પણ આગામી સમયમાં ખાસ ઝુંબેશ હાથ ધરી ઘરે-ઘરે જઈને પુન:શાળામાં પ્રવેશ માટેના પ્રયાસો કરવામાં આવશે.

આ અવસરે મંત્રીઓ તથા અધિકારી-પદાધિકારીઓના હસ્તે જે બાળકોએ પુન:પ્રવેશ મેળવ્યો છે તેમને સ્કુલ બેગ તથા આ કાર્યમાં જોડાયેલા શિક્ષકોને સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં નવસારી મહાનગરપાલિકાના મેયર અશોકભાઈ ધોરાજીયા, જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલીબેન, ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાની, મ્યુ.કમિશનર જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ ભુરાભાઈ શાહ, જિલ્લા શિક્ષણાધિકારી ચૌધરી, અગ્રણી મુકેશ અગ્રવાલ, શિતલબેન સોની, પિયુષભાઈ દેસાઈ, મયુરીબેન દેસાઈ, અસ્મિતાબેન પટેલ, અધિકારીઓ-પદાધિકારીઓ વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નવસારીમાં ડિમોલિશન કામગીરી દરમિયાન થયેલ ગેરસમજ ભૂલી એનએમસી મેયર પારસી અગ્રણી યઝદીભાઈના નિવાસસ્થાને તેમને રૂબરૂ મળવા પહોચ્યા





નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરના સુવ્યવસ્થિત વિકાસ, ટ્રાફિક નિયમન અને નાગરિકોની સુરક્ષા તથા સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહીને પારદર્શક કામગીરી કરવામાં આવે છે. આ જ શૃંખલામાં ગત રોજ મહાનગરપાલિકાના તંત્ર દ્વારા શહેરના કેટલાક વિસ્તારોમાં, ખાસ કરીને કોન્વેન્ટ સ્કૂલની બાજુમાં આવેલ ડો. સૌરભ મહેતાના ક્લિનિક અને તેની આસપાસના વિસ્તારોમાં દબાણ હટાવવા અંગેની આવશ્યક ડિમોલિશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ સમગ્ર વહીવટી કામગીરી દરમિયાન નવસારી મહાનગરપાલિકાના મેયર અશોકભાઈ ધોરાજીયા પણ સ્થળ પર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કામગીરીનું સીધું નિરીક્ષણ કર્યું હતું.

પરંતુ, વિકાસલક્ષી આ કાર્યવાહી દરમિયાન એક અણધારી પરિસ્થિતિ નિર્માણ પામી હતી. પારસી સમાજના અગ્રણી ગણાતા યઝદીભાઈ અને તંત્ર વચ્ચે કામગીરી બાબતે ક્ષણિક ગેરસમજ ઉભી થવા પામી હતી. સ્થળ પરના તણાવ અને પરિસ્થિતિને કારણે વાતનું વતેસર થયું હતું અને વાટાઘાટો વધતાં સામાન્ય શાબ્દિક ઘર્ષણ પણ જોવા મળ્યું હતું. લોકશાહીમાં એક સાચા જનપ્રતિનિધિનું મુખ્ય ઘરેણું તેની નમ્રતા અને સહનશીલતા હોય છે. આ બાબતને સાર્થક કરતા અને સંબંધો કોઈ એક ક્ષણની નારાજગી કરતાં ઘણા મોટા હોય છે તેવા ઉચ્ચ વિચાર સાથે મેયર અશોકભાઈ ધોરાજીયાએ મહાત્મા ગાંધીજીએ ચીંધેલા માર્ગ પર ચાલવાનો આદર્શ નિર્ણય લીધો. સત્તાનો કે પદનો કોઈપણ જાતનો અહંકાર રાખ્યા વિના, આજ રોજ મેયર સીધા જ પારસી અગ્રણી યઝદીભાઈના નિવાસસ્થાને તેમને રૂબરૂ મળવા પહોંચ્યા હતા. આ મુલાકાત ખરા અર્થમાં સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ બની રહી. બંને અગ્રણીઓએ સાથે બેસીને ચા-પાણી કર્યા અને અત્યંત ખુલ્લા મને, નિખાલસતાથી દિલની વાત કરી. આ હકારાત્મક અને લાગણીસભર સંવાદથી ગઈકાલની જે પણ ગેરસમજ હતી તે સંપૂર્ણપણે દૂર થઈ ગઈ અને બંને તરફથી હૃદયપૂર્વક વાટાઘાટો થઈ. અંતે મનમાં રહેલો આક્રોશ અને મનદુ:ખ કાયમ માટે દૂર થયા.

નવસારી એ પારસી સમાજની ઐતિહાસિક અને પવિત્ર ભૂમિ છે. નવસારીના વિકાસમાં સદીઓથી અમૂલ્ય યોગદાન આપનારા સમાજમાંથી પારસી સમાજ મુખ્ય છે. સાચા અર્થે મેયરનું આ પ્રશંસનીય પગલું એ સ્પષ્ટ સંદેશ આપે છે કે નવસારી મહાનગરપાલિકા માત્ર રસ્તા કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરતો જ વિકાસ નથી કરતી, પરંતુ લોકોના હૃદયને જોડીને સામાજિક સૌહાર્દ અને ભાઈચારાને પણ એટલું જ મહત્વ આપે છે. ગાંધી ચિંધ્યા માર્ગે આવેલ આ સુખદ અંતે સૌ કોઈના દિલ જીતી લીધા છે.

# નવસારી ગ્રામ્ય તાલુકામાં સેવા સેતુ અને ગવર્નમેન્ટ સ્કીમ સેચ્યુરેશન કાર્યક્રમ યોજાયો

નવસારી : નવસારી ગ્રામ્ય તાલુકાના મોગાર ગામે રાધા કૃષ્ણ મંદિર ખાતે સેવા સેતુ અને ગવર્નમેન્ટ સ્કીમ સેચ્યુરેશન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમનો બહોળો પ્રચાર કરવામાં આવતા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ સરકારી યોજનાઓ અને સેવાઓ અંગે લોકોને માહિતગાર કરી, દરેક પાત્ર લાભાર્થીને મહત્તમ સરકારી યોજનાઓનો લાભ મળે અને યોજનાઓમાં સેચ્યુરેશન લેવલ હાંસલ થાય તે માટે જરૂરી



માર્ગદર્શન અને આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, તા. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પિનસાડ ગામે દામોદેશ્વર કોમ્યુનિટી હોલ ખાતે તથા તા. ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અષ્ટગામ ખાતે કોળી પટેલ સમાજની વાડી, ખડસુપા બોર્ડિંગ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલયની અઉઈંડ યોજના તથા રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત લાભાર્થીઓને આવકનો દાખલો મેળવવા અંગે જાણકારી આપવામાં આવી હતી.

બંને સ્થળોએ મોટી સંખ્યામાં પાત્ર લાભાર્થીઓ ઉપસ્થિત રહી યોજનાઓનો લાભ મેળવે તે માટે ગ્રામજનોને કાર્યક્રમ અંગે બહોળો પ્રચાર-પ્રસાર કરી જાગૃત કરવામાં આવ્યા હતા.

નવસારી તાલુકા પંચાયતના સભ્યશ્રી મીનાબેન મનુભાઈ પટેલ, શ્રી દર્શનાબેન દિનેશભાઈ પટેલ સરપંચશ્રી મોગાર દીપકભાઈ રમણભાઈ પટેલ, સરપંચ શ્રી પરતાપોર અનિલભાઈ જીણાભાઈ પટેલ તથા હાજર રહ્યા

# નવસારી મ્યુનિસિપલ કમિશનરે ICCC પબ્લિક લાયબ્રેરી, વસંત વિહાર (યોગા સેન્ટર), ઇટાળવા (WTP પ્લાન્ટ) અને ગાંધી સ્મૃતિ બ્રીજ ખાતે ચાલતા વિવિધ વિકાસ કાર્યોની રૂટિન ફિલ્ડ વિઝીટ કર્યુ





નવસારી : નવસારી મહાનગરપાલિકાના કમિશનર જયેશ ઉપાધ્યાય દ્વારા શહેરમાં ચાલી રહેલા વિવિધ પ્રજાલક્ષી અને વિકાસલક્ષી કાર્યોની રૂટિન ફિલ્ડ વિઝીટ કરવામાં આવી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ શહેરમાં ચાલી રહેલી વિવિધ કામગીરીઓની પ્રગતિનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાનો અને વિકાસ કાર્યો સમયસર તેમજ ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનો હતો. કમિશનરે સ્થળ પર જઈને સંબંધિત અધિકારીઓ તથા એજન્સીઓ સાથે સીધી ચર્ચા કરી હતી અને કામગીરીની વિસ્તૃત વિગતો મેળવી હતી. નવસારીની જનતાને આ તમામ આધુનિક સુવિધાઓનો સત્વરે લાભ મળી શકે તે માટે વહીવટી તંત્ર સજાગ છે અને આ પ્રકારની મુલાકાતોથી કામગીરીમાં પારદર્શિતા તેમજ ઝડપ આવે છે.

આ ફિલ્ડ વિઝીટ દરમિયાન કમિશનરે સૌપ્રથમ ICCC પબ્લિક લાયબ્રેરી સેન્ટર ખાતે ચાલતી કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. વિદ્યાર્થીઓ અને નાગરિકો માટે આ લાયબ્રેરી અત્યંત ઉપયોગી નીવડશે તે હેતુથી તેમણે લાયબ્રેરીની ડિઝાઇનમાં કેટલાક અગત્યના અને પ્રજાલક્ષી ફેરફારો સૂચવ્યા હતા. જેમાં ખાસ કરીને બુક સ્ટોર, રીડિંગ એરિયા અને વેટિંગ એરિયાને વધુ સુવિધાજનક અને આકર્ષક બનાવવા પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ તેમણે વસંત વિહાર ખાતે નિર્માણાધીન યોગા સેન્ટરની મુલાકાત લીધી હતી. આ યોગા સેન્ટરની કામગીરી લગભગ ૯૦ ટકા જેટલી પૂર્ણ થઈ ચૂકી છે. કમિશનરે બાકી રહેલી પ્લાન્ટેશન (વૃક્ષારોપણ)ની કામગીરી સત્વરે પૂર્ણ કરી, આ સ્વાસ્થ્યવર્ધક કેન્દ્રને વહેલામાં વહેલી તકે જાહેર જનતાના ઉપયોગ અર્થે ખુલ્લું મૂકવા માટે સંબંધિત વિભાગને કડક સૂચનો આપ્યા હતા.

શહેરમાં માળખાગત સવલતો અને ખાસ કરીને શુદ્ધ પીવાના પાણીની સુવિધાને વધુ સુદ્રઢ કરવાના ભાગરૂપે કમિશનરે ઈટાળવા ખાતે જીયુડીસી દ્વારા નિર્માણ પામી રહેલા વિશાળ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ પ્લાન્ટ નવસારી શહેરની ભવિષ્યની પાણીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અત્યંત મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. આ ઉપરાંત તેમણે પાણીના સુવ્યવસ્થિત સંગ્રહ અને વિતરણ માટે ગાંધી સ્મૃતિ બ્રીજ પાસે ચાલી રહેલી એલિવેટેડ સ્ટોરેજ રિઝર્વાયર અને અંડરગ્રાઉન્ડ સ્ટોરેજ રિઝર્વાયર સંપની કામગીરીની પણ સ્થળ તપાસ કરી હતી અને કામગીરીની ઝડપ વધારવા માટે તાકીદ કરી હતી.

મ્યુનિસિપલ કમિશનરની આ રૂટિન પરંતુ અસરકારક વિઝીટથી મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં અને ચાલતા વિકાસ કાર્યોમાં નવી ગતિ આવશે. આગામી દિવસોમાં આ તમામ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ થતાં શહેરની જનતાને શિક્ષણ, સ્વાસ્થ્ય અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓનો એક નવો અનુભવ પ્રાપ્ત થશે.

સાઉથ રિપબ્લીક - દૈનિક
SOUTH REPUBLIC DAILY, NAVSARI

# નવસારીમાં પતિ-પત્ની અને સાસુએ બેંકમાં ગીરવે મુકેલી અને બોજા હેઠળની ૪ મિલકતો ૧.૨૬ કરોડમાં વેચી જ્વેલર્સ વેપારીને છેતર્યા

નવસારી : નવસારીમાં પતિ-પત્ની અને સાસુએ બેંકમાં ગીરવે મુકેલી અને બોજા હેઠળની ૪ મિલકતો ૧.૨૬ કરોડમાં વેચી જ્વેર્લસ વેપારીને છેતરતા મામલો નવસારી ટાઉન પોલીસ મથકે પહોચ્યો છે.

મળતી માહિતી મુજબ, નવસારી ઝવેરી સડક પર ગુરુકૃપા સોસાયટીમાં ચોકસી ચેમ્બર્સમાં રહેતા મેઘાબેન મેહુલભાઈ ચોકસી મોટા બજાર ખાતે નાનાલાલ જ્વેલર્સ નામની પારિવારિક પેઢી ચલાવી સોના-ચાંદીના દાગીના લે-વેચનો વેપાર કરે છે. તેમજ ખેતી કરે છે. મેઘાબેન અને તેમના પરિવારના નવસારી કંસારવાડ બેંક ઓફ બરોડાની પાસે આવેલા મહાલક્ષ્મી ઈન્વેસ્ટમેન્ટ નામની ઓફીસના સંચાલક સુરેન્દ્રભાઈ જગદીશભાઈ ગાંધી સાથે પારિવારિક સબંધો હતા. ગત જાન્યુઆરી-૨૦૨૬ માં સુરેન્દ્રભાઈએ મેઘાબેનને જણાવ્યું હતું કે, પોતાની, તેમની પત્ની નિલમબેન અને સાસુ હેમલતાબેનના નામની ચાર મિલકતો તેમને વેચાણ કરવાની છે અને તે મિલકતો ચોખ્ખા ટાઈટલવાળી અને તેના ઉપર કોઈ કે બોજો નથી અને કોઈ કરાર કરેલ નથી તેમ જણાવ્યું હતું. જેથી મેઘાબેને તે ચારેય મિલકતો વેચાણ દસ્તાવેજ કરી સુરેન્દ્રભાઈને મિલકત મુજબ રકમ ચૂકવી હતી. જેમાં સુરેન્દ્રભાઈના માલિકીની નવસારી સીટી સર્વે નંબર ૭૪, ટીકા નં. ૪/૬ બેઝમેન્ટ શોપ નંબર યુજી-૧ વાળી મિલકત ૪૦ લાખ રૂપિયામાં, સુરેન્દ્રભાઈની પત્ની નિલમબેન ગાંધીના માલિકીની નવસારી સીટી સર્વે નં. ૭૪, ટીકા નં. ૪/૬ બેઝમેન્ટ શોપ નં. યુજી-૨ વાળી મિલકત ૪૦ લાખ રૂપિયામાં, સુરેન્દ્રભાઈના સાસુ હેમલતાબેન નરેશભાઈ ગાંધી તેમજ નિલમબેન ગાંધીની સંયુક્ત માલિકીની પડઘા ગામ ખેતીની બ્લોક નં. ૪૫૩/૧ વાળી ખેતીની જમીન ૨.૪૦ લાખ રૂપિયામાં અને હેમલતાબેન ગાંધી તેમજ નિલમબેન ગાંધીની સંયુક્ત માલિકીની પડઘા ગામ ખાતેની બ્લોક નંબર ૪૫૩ વાળી બિનખેતીની જમીન તથા તેના ઉપર આવેલ ગ્રામપંચાયત ઘર નં. ૭૩૪ વાળી મિલકત ૪૪.૧૦ લાખ રૂપિયામાં વેચાણ દસ્તાવેજ કરી વેચાણે લીધી હતી.

ત્યારબાદ મેઘાબેનને ત્યાં કામ કરતા કેર ટેકરે મેઘાબેનને જણાવ્યું હતું કે, નવસારી સીટી સર્વે નં. ૭૪, ટીકા નં. ૪/૬ બેઝમેન્ટ શોપ નં. યુજી-૧ અને ૨ વાળી મિલકતો ઉપર બેન્કના લોનના બોજા હેઠળ હોવા અંગેના સ્ટીકર મારેલા છે. જેથી મેઘાબેને બેંક ઓફ બરોડાની દુધિયા તળાવ બ્રાંચમાં તપાસ કરાવતા યુજી-૧ વાળી મિલકત ઉપર ૮૫ લાખ રૂપિયા અને યુજી-૨ વાળી મિલકત ઉપર ૮૫ લાખ રૂપિયાની લોન લેવામાં આવી હોવાનું અને આ બંને મિલકતો લોનના બોજા તળે હોવાનું જણાયું હતું. તેમજ પડઘા ગામની ખેતીની જમીન અને બિનખેતીની જમીન ઉપર લોન લીધેલાનું અને લોન ચાલુ હોવાની હકીકત સામે આવી હતી.

જેથી સુરેન્દ્રભાઈ, તેમની પત્ની નિલમબેન અને સાસુ હેમલતાબેને મિલકતો બેંકમાં ગીરવે મૂકી લોન લીધી હોવા છતાં બદદાનતથી નવસારી સબ રજીસ્ટાર સમક્ષ હકીકત છુપાવી વેચાણ દસ્તાવેજ કરી આપી મેઘાબેન પાસેથી ચારેય મિલકતોના અવેજ પેટે કુલ્લે ૧,૨૬,૫૦,૦૦૦ રૂપિયાની રકમ લઈ છેતરપીંડી આચરતા મેઘાબેને સુરેન્દ્રભાઈ, તેમની પત્ની નિલમબેન અને સાસુ હેમલતાબેન વિરુદ્ધ નવસારી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.એસ.આઈ. એમ.એમ. ગામીતે હાથ ધરી છે.

## નવસારી જીલ્લામાં વિવિધ સ્થળેથી તીનપત્તીનો જુગાર રમતા ૨૮ જુગારીયાઓ ઝડપાયા

નવસારી : નવસારી જીલ્લામાં પોલીસે વિવિધ સ્થળોએથી તીનપત્તીનો જુગાર રમતા કુલ ૨૮ જુગારીયાઓને ઝડપી પાડી કુલ્લે ૭.૬૩ લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, મરોલી પોલીસને બાતમી મળી હતી કે, મરોલી બજાર ખાતે આવેલા ડાહ્યાકીકાની ચાલમાં રહેતા રફીક અબ્દુલ શેખ તથા તેનો દીકરો અનીશ રફીકભાઈ શેખ કેટલાક માણસોને બોલાવી તેના મકાનના પ્રથમ માળે હારજીતનો જુગાર રમાડી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ છાપો મારતા પોલીસે જુગાર રમતા ૧૨ જુગારીયાઓને ઝડપી પાડ્યા હતા. જેમાં મરોલી બજાર ડાહ્યા કીકાની ચાલમાં રહેતા રફીક અબ્દુલ શેખ, નવસારી તરોટા બજાર સાગાવાડમાં રહેતા મજીદખાન સરફરાજખાન પઠાણ, સુરત કતારગામ લલીતા પાર્ક સોસાયટીમાં રહેતા કનુભાઈ કાશીરામ પટેલ, ચોર્યાસીના કોસાડ ગામે રહેતા સલમાન મેહમુદ પટેલ, અમરોલી કોસાડ આવાસમાં રહેતા ગુલામ અહમદ પટેલ, અમરોલી કોસાડ આવાસમાં રહેતા ફિરોજ મુસાભાઈ પટેલ, લાજપોર ગામે પોપડીયું ફળીયામાં રહેતા હિતેશ ધનસુખભાઈ પટેલ, અમરોલી કોસાડ આવાસ બિલ્ડીંગમાં રહેતા હમીદભાઈ અબ્દુલભાઈ રાઠોડ, મહુવર ગામે મરોલી બજાર ડાહ્યા કીકાની ચાલ સ્વામીનારાયણ સોસાયટીમાં રહેતા અનીશ રફીક શેખ, ડાભેલ ગામે સુકુન સોસાયટીમાં રહેતા મહમદ સીદીક મુર્તુજા પઠાણ, કરજણ તાલુકાના મેસરાડ ગામે ગરાસીયાવાડમાં રહેતા હાજી દાઉદ ઈસ્માઈલ દાદાભાઈ અને ચોર્યાસી તાલુકાના કોસાડ ગામે ઉસ્માન હસન ખીલજીને ઝડપી પાડ્યા હતા. સાથે જ પોલીસે ઘટના સ્થળેથી દાવ પરના રોકડા ૧૪,૫૧૦ રૂપિયા, આરોપીઓના અંગઝડતીમાંથી રોકડા ૧૩,૯૦૦ રૂપિયા, ૭૬ હજાર રૂપિયાના ૧૦ મોબાઈલ, ૫ લાખ રૂપિયાની કાર (નં. જીજે-૦૫-આરજે-૨૭૬૪), ૫૦ હજાર રૂપિયાની મોપેડ (નં. જીજે-૨૧-એએન-૬૭૧૪) અને ૫૦ હજાર રૂપિયાની મોપેડ (નં. જીજે-૦૫-યુએચ-૫૦૬૦) મળી કુલ્લે ૭,૦૪,૪૧૦ રૂપીયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

બીજા બનાવમાં ગણદેવી પોલીસને બાતમી મળી હતી કે, ગણદેવા ગામે રોડ ફળિયા સાઈ તીર્થ કોમ્પ્લેક્ષ ખાતે ચીમનભાઈ બાબરભાઈ હળપતિ ના હીરાના કારખાનામાં હીરા ઘસતા માણસો ટેરેસ પર જવાના દાદરના પેસેજમાં બેસી તીનપત્તીનો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે ઘટના સ્થળે જઈ છાપો મારી તીનપત્તીનો જુગાર રમતા ૧૨ જુગારીયાઓને ઝડપી પાડયા હતા. જેમાં ચીખલીના મીણકચ્છ ગામે દોણ ફળીયામાં રહેતા રોહિતભાઈ જશવંતભાઈ પટેલ, મહુવા તાલુકાના સણવલ્લા ગામે નાઈકીવાડમાં રહેતા ઉમેશભાઈ મકનભાઈ પટેલ, ગણદેવા ગામે ભૂરી ફળીયામાં રહેતા હરેશભાઈ રમેશભાઈ પટેલ, ચીખલીના મીણકચ્છ ગામે દોણ ફળીયામાં રહેતા અનિલભાઈ જયંતીભાઈ પટેલ, ચીખલીના મીણકચ્છ ગામે સામર ફળીયામાં રહેતા સંજયભાઈ સોમાભાઈ પટેલ, ગણદેવા ગામે ધોડિયા ફળીયામાં રહેતા મલેશભાઈ મંગુભાઈ પટેલ, ટાંકલ ગામે તળાવ ફળીયામાં રહેતા વિમલ કાંતિલાલ પટેલ, રાનવેરી ખુર્દ ગામે પટેલ ફળીયામાં જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતુભાઈ પ્રવીણભાઈ પટેલ, ચીખલીના વાંઝણા ગામે સાબદી ફળીયામાં રહેતા સુમનભાઈ રવજીભાઈ પટેલ, ચીખલીના બોડવાંક ગામે નવા ફળીયામાં રાજેન્દ્રભાઈ સોમાભાઈ પટેલ, મહુવા તાલુકાના સણવલ્લા ગામે નાયકીવાડમાં રહેતા સંદીપ સુમનભાઈ પટેલ અને ગણદેવીના એંધલ ગામે રહેતા તેજસ કાંતુભાઈ પટેલને ઝડપી પાડયા હતા. પોલીસે ઘટના સ્થળેથી રોકડા ૪૦૪૦ રૂપિયા અને ૩૫ હજાર રૂપિયાના ૭ મોબાઈલ મળી કુલ્લે ૩૯,૦૪૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

ત્રીજા બનાવમાં બીલીમોરા પોલીસને બાતમી મળી હતી કે, તલોધ ગામે સર્વોદય નગર પાણીની ટાંકીની પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગોળ કુંડાળું કરી તીનપત્તીનો હારજીતનો જુગાર રમે છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા ૪ જુગારીયાઓને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. જેમાં બીલીમોરા તલોધ ગામે દેવીપુજકવાસ પાણીની ટાંકીની પાસે રહેતા અક્ષયભાઈ સુરેશભાઈ સારોલીયા, અરવિંદભાઈ સોમાભાઈ કાવીઠીયા, વિપુલભાઈ સુરેશભાઈ બુટીયા અને રાજેશભાઈ લાભુભાઈ ઓગાળીયાને ઝડપી પાડ્યા હતા. આ રેઈડ દરમિયાન પોલીસે ઘટના સ્થળેથી રોકડા ૧૦,૪૮૦ રૂપિયા અને ૧૦ હજાર રૂપિયાનો એક મોબાઈલ મળી કુલ્લે ૨૦,૪૮૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

## લાજપોર મધ્યસ્થ જેલમાંથી વચગાળાના જામીન લઈ ફરાર થયેલો આરોપી જામનગરથી ઝડપાયો




નવસારી : નવસારી લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસને બાતમી મળી હતી કે, ઓલપાડ પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૭૯,૧૮૦,૧૮૧,૫૪ મુજબના ગુનાનો આરોપી અને લાજપોર મધ્યસ્થ જેલનો કાચા કામનો કેદી નંબર ૧૩૭૯/૨૫ અલ્તાફ અહેમદ ઐયુબશા દિવાન રહે. ઓલપાડ ગામ, મોટું ફળિયું, ક્ષીભૈના મકાનમાં, ઓલપાડ, જી. સુરત હાલ જામનગર ખાતે રહે છે. જેથી એલ.સી.બી. પોલીસે એક ટીમ બનાવી જામનગર ખાતે રવાના કરી હતી. જે પોલીસની ટીમે આરોપી અલ્તાફ અહેમદ ઐયુબશા દિવાનને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી લાજપોર મધ્યસ્થ જેલ ખાતે સોંપી દેવામાં આવ્યો છે.

## ઘેજ ગામે વીજ કરંટ લાગતા યુવાનનું મોત : તાર ફેન્સિંગમાં વીજ પ્રવાહ ચાલુ રાખનાર ખેડૂત સામે ગુનો દાખલ

નવસારી : ઘેજ ગામે ચાલુ વીજ પ્રવાહવાળા તાર ફેન્સીંગનો કરંટ લાગતા યુવાનનું મોત નીપજ્યું હતું. જે બાબતે ચીખલી પોલીસે તાર ફેન્સિંગમાં વીજ પ્રવાહ ચાલુ રાખનાર ખેડૂત સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વડોદરા જીલ્લાના વાઘોડિયા તાલુકાના મઢેલી ગામે નવીનગરી મહોલ્લામાં વિનુભાઈ શંકરભાઈ રાઠોડિયા (ઉ.વ. ૬૦) તેમના પરિવાર સાથે રહે છે.ગત ૧૯મી ઓગષ્ટથી ૨૦મી ઓગષ્ટ દરમિયાન વિનુભાઈના પુત્ર સુખદેવ વિનુભાઈ રાઠોડિયા ચીખલી તાલુકાના ઘેજ ગામે ભવાની ફળીયામાં ખાતે આવેલા ઉત્તમભાઈ ખંડુભાઈ પટેલના ખેતર પાસે હાજર હતા. ત્યારે સુખદેવભાઈએ ઉત્તમભાઈના ખેતરની ફરતે આવેલા તાર ફેન્સીંગને અડતા તેમને વીજ કરંટ લાગ્યો હતો. જેના પગલે સુખદેવભાઈનું મોત નીપજ્યું હતું. આ બાબતે મૃતકના પિતા વિનુભાઈએ ચીખલી પોલીસ મથકે વિદ્યુત કંપનીની કોઈપણ જાતની પરવાનગી લીધા વગર, ગેરકાયદેસર રીતે પોતાના ઘરેથી ઈલેક્ટ્રિક સ્વીચ બોર્ડમાંથી, ઈલેક્ટ્રિક વાયર પોતાના માલિકીના ખેતર સુધી લંબાવી ખેતરની ફરતે પાક રક્ષણ માટે કરેલા તાર ફેન્સીંગના તાર સાથે જોઈન્ટ કરી, ઈલેક્ટ્રિક પ્રવાહ ચાલુ રાખી, આ રીતેના કૃત્યથી કોઈ વ્યક્તિ કે જાનવરોનું મૃત્યુ થઈ શકે તેવી હકીકત સારી રીતે જાણવા છતાં ખેતરની ફરતે કરેલ તાર ફેન્સીંગમાં વીજ પ્રવાહ ચાલુ રાખનાર ઉત્તમભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધાવતા આગળની તપાસ પી.આઈ. પી.બી. પટેલીયાએ હાથ ધરી છે.

## વાંસી ગામે દરિયામાં ડૂબી જતા માછીમાર યુવાનનું મોત

નવસારી : જલાલપોરના વાંસી ગામે દરિયામાં ગયેલા માછીમાર યુવાનનું દરિયાના પાણીમાં ડૂબી જતા મોત નીપજયાનો બનાવ મરોલી પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, જલાલપોર તાલુકાના માછીવાડ દીવાદાંડી વાપલુ ફળીયામાં ધર્મેશભાઈ ધનસુખભાઈ ટંડેલ (ઉ.વ. ૩૩) તેમના પરિવાર સાથે રહેતા હતા અને માછીમારી કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવતા હતા. ગત ૧૯મીએ ધર્મેશભાઈ વાંસી ગામ તરફના દરિયામાં જાળ જોવા માટે ગયા હતા. તે દરમિયાન દરિયામાં મોટું મોજું આવતા ધર્મેશભાઈ દરિયાના પાણીમાં ડૂબી ગયા હતા. જેના પગલે ધર્મેશભાઈનું મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે મરોલી પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોચી લાશનો કબજો લઈ પી.એમ. અર્થેની તજવીજ હાથ ધરી હતી. સાથે જ પોલીસે મૃતકના મોટાભાઈ રાજુભાઈની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. પ્રવીણભાઈને સોંપી છે.

## વાયુ ચડી જવાની બીમારીથી કંટાળી ધારાગીરીના યુવાને એસીડ પી જીવન ટુકાવ્યું

નવસારી : ધારાગીરી ગામના યુવાને વાયુ ચડી જવાની બીમારીથી કંટાળી એસીડ પી જીવન ટુંકાવી લેતા મામલો નવસારી ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, નવસારી તાલુકાના ધારાગીરી ગામે નહેરુ ફળીયામાં કિરણભાઈ મગનભાઈ રાઠોડ (ઉ.વ. ૨૮) તેમના પરિવાર સાથે રહેતા હતા. કિરણભાઈને અવાર-નવાર વાયુ ચડી જતો હતો. જે બીમારીથી કિરણભાઈ કંટાળી ગયા હતા. જેના પગલે ગત ૧૮મીએ સવારે કિરણભાઈ તેમના ઘરની પાછળના વાડામાં રહેલા બાથરૂમની બારીમાં રાખેલા એસીડ પી ગયા હતા. જેના પગલે તેમની તબિયત લથડતા પરિવારજનોએ તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડયા હતા. જ્યાં હોસ્પિટલમાં ટુંકી સારવાર બાદ કિરણભાઈનું મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે નવસારી ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરતા પોલીસે નયનભાઈ રાઠોડની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. એમ.એલ. સૈયદે હાથ ધરી છે.

## ભાટ ગામે દરિયામાં માછીમારી કરતા આધેડનું ખાડીમાં પડી જતા મોત

નવસારી : ભાટ ગામે દરિયામાં માછીમારી કરતા આધેડને ચક્કર આવી ખાડીમાં પડી જતા મોત નીપજતા મામલો ધોલાઈ મરીન પોલીસ મથકે નોંધાયો છે.

મળતી માહિતી મુજબ, સુરતના ઉમરપાડા તાલુકાના કેવડી ગામે આશ્રમ ફળીયામાં રહેતા ધીરુભાઈ દમણીયાભાઈ વસાવા (ઉ.વ. ૫૧) તેમના પરિવાર સાથે રહેતા હતા અને દરિયામાં માછીમારી મજુરી કરી પોતાના ઘરનું ગુજરાન ચલાવતા હતા. ગત ૧૮મીએ ધીરુભાઈ ગણદેવી તાલુકાના ભાટ ગામના વિઠ્ઠલભાઈ રવજીભાઈ ટંડેલની ગીલનેટ પ્રકારની વિજાલી પ્રસાદ નામની રજી નંબર આઈએનડી-જીજે-૨૧-એમએમ-૧૮૦, ૧૫/૭/૨૦૨૪ માં માછીમારી કરવા મજુરી કામે ગયા હતા. દરમિયાન ધીરુભાઈને ચક્કર આવતા તેઓ ભાટ ગામની સીમમાં આવેલ ખાડીના પાણીમાં પડી ગયા હતા. જેથી બોટ પર હાજર અન્ય મજુરોએ તાત્કાલિક ખાડીના પાણીમાં ઉતરી ધીરુભાઈને પાણીમાંથી બહાર કાઢી તેઓ તેમને લઈ કિનારે આવી ગયા હતા. ત્યારબાદ ધીરુભાઈને એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના ડોકટરે ધીરુભાઈને ચકાસીને મૃત જાહેર કર્યા હતા. આ ઘટના અંગે ધોલાઈ મરીન પોલીસે વિઠ્ઠલભાઈ ટંડેલની ફરિયાદને આધારે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. આર.એન. વસાવાએ હાથ ધરી છે.

## મજીગામ ઓવરબ્રિજ પાસેથી ૨.૫૨ લાખના વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક ઝડપાયો, ૩ વોન્ટેડ

નવસારી : નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર મજીગામ ઓવરબ્રિજ પાસેથી ચીખલી પોલીસે બાતમીના આધારે ૨.૫૨ લાખના વિદેશી દારૂ ભરેલી કાર સાથે એકને ઝડપી પાડયો હતો. જયારે અન્ય ત્રણને વોન્ટેડ જાહેર કરી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ચીખલી પોલીસે બાતમીના આધારે નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર મજીગામ ઓવરબ્રિજ પાસેથી કાર (નં. એમએચ-૦૨-એફઈ-૨૫૨૬) ને રોકી તપાસ કરી હતી. જેમાંથી પોલીને ૨,૫૨,૯૬૦ રૂપિયાની ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કીની ૧૧૫૨ નંગ નાની બાટલીઓ અને ટીન બીયર મળી આવતા મૂળ યુ.પી. ના આજમગઢ જીલ્લાના આજમગઢ હીરાપટ્ટી રાજા જી નગર અને હાલ મુંબઈ ઈસ્ટ નાલાસોપારા સંતોષભવન તિવારી ચાલમાં રહેતા હર્ષિત વિષ્ણુ મુનેશ્વર વર્માને ઝડપી પાડયો હતો. પોલીસે આરોપી હર્ષિતની પૂછપરછ કરતા સુરત પલસાણામાં રહેતા પ્રખર મિશ્રા ઉર્ફે બોકસરે વિદેશી દારૂ ભરાવી આપ્યો હતો અને મંગાવ્યો હતો. તેમજ પ્રખર મિશ્રનો માણસ સેલવાસ ખાતે દારૂ ભરેલી કાર આપી ગયો હતો અને તેનો બીજો માણસ પલસાણા ખાતે દારૂ ભરેલી કાર લેવા આવનાર હોવાનું કબુલ્યું હતું. જેથી પોલીસે પ્રખર મિશ્રા ઉર્ફે બોક્સર અને તેના બે માણસોને વોન્ટેડ જાહેર કર્યા હતા. પોલીસે ઘટના સ્થળેથી વિદેશી દારૂ સહીત ૫ લાખની અને ૧૦ હજાર રૂપિયાનો મોબાઈલ મળી કુલ્લે ૭,૬૨,૯૬૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની તપાસ પી.એસ.આઈ. આર.એન. વાડલેએ હાથ ધરી છે.

## ૧ વર્ષથી મિલકત સબંધી ગુનાનો નાસતો-ફરતો આરોપી ઝડપાયો

નવસારી : નવસારી ટાઉન પોલીસે હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકનીકલ સર્વેલન્સના આધારે છેલ્લા ૧ વર્ષથી મિલકત સબંધી ગુનામાં નાસતો-ફરતો આરોપી અને સુરતના રાંદેર હિન્દુસ્તાની મહોલ્લા રામનગરના રામ એપાર્ટમેન્ટમાં રહેતા સંદીપભાઈ રાજુભાઈ કહારને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે

OWNER , PRINTER, PUBLISHER, & EDITOR :- ROHIT ASHOK SETHIA, PRINTED AT :- AAYUSH ENTERPISE, D-26, UDHYOG NAGAR,VIJALPORE, NAVSARI, GUJARAT- 396445., PUBLISHED PLACE :- 102 RAJ RESIDENCY, OPP AVDHOOT EYE HOSPITAL, ASHANAGAR, NAVSARI, GUJARAT -396445. , EDITOR : ROHIT ASHOK SETHIA, Mo. :-+91-7600000600